નવી સેવા
આયોજન
વર્ષ-૨૦૧૧-૧૨

**સુધારા ઠરાવ**

કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-II
મરીન પોલીસ સ્ટેશનો માટે સંદેશ વ્યવહારના સાધનો અને વાહનો ખરીદવાની વહીવટી મંજૂરી આપવા બાબત...

**ગુજરાત સરકાર**
ગૃહ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: વિ.પ / CSS /૧૦૨૦૦૯ /૫૮૭(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/ ૭ /૨૦૧૧

**વંચાણમાં લીધા:-**

1. ગૃહ વિભાગ નો ઠરાવ ક્રમાંક : વિ.પ / CSS /૧૦૨૦૦૯ /૫૮૭(ભાગ-૧) તા.૧૮/૬/૨૦૧૧.

**સુધારા ઠરાવ:-**

૧/-. ક્રમાંક:(૧) આગળ વંચાણમાં લેવામાં આવેલ ઠરાવ અન્વયે કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ. ફેઝ-હેઠળ મરીન પોલીસ સ્ટેશનો માટે સંદેશ વ્યવહારના સાધનો અને વાહનો ખરીદવા માટે વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં પ્લાન હેઠળ "નવી સેવા" તરીકે સમાવેશ કરીને, તે અન્વયે રૂ.૨,૭૮,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા બે કરોડ ઈઠ્યોતેર લાખ ચાલીસ હજાર પુરા)નું ખર્ચ કરવા માટે ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

જેના ફકરા ક્રમાંક:૩ માં વિગતવાર નાંણા ફાળવણી અંગેના કોઠામાં નીચે જણાવ્યા મુજબની વિગતે સુધારીને વાંચવું:

| ક્રમ | વિગત | કૂલ રકમ રૂ. (તા.૧૮.૬.૨૦૧૧ ના ઠરાવ માં દર્શાવેલ.) | કુલ રકમ રૂ. સુધાર્યા પ્રમાણે |
|---|---|---|---|
| ૧. | સાધન સામગ્રી/સંદેશ વ્યવહારના સાધનો રૂ.૧૫ લાખ/પો.સ્ટે. | ૧,૮૦,૦૦૦/- | ૧,૮૦,૦૦,૦૦૦/- |
| ૨. | ૧(એક) જીપ/ પો.સ્ટે. | ૮૪,૦૦,૦૦૦/- | ૮૪,૦૦,૦૦૦/- |
| 3. | ૨(બે)મોટર સાયકલ / પો.સ્ટે | ૧૪,૪૦,૦૦૦/- | ૧૪,૪૦,૦૦૦/- |
| | કુલ;- | **૨,૭૮,૪૦,૦૦૦/-** | **૨,૭૮,૪૦,૦૦૦/-** |

૨/-. વંચાણમાં લીધેલ ક્રમાંક:(૧) આગળના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ. ડી. નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- માન. મુખ્યમંત્રી શ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(નાંણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષા ના મંત્રી શ્રી(ગૃહ)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.

- પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહા નિર્દેશક શ્રી(ઈન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણા સલાહકાર શ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ શ્રી(ગૃહ) ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- નાણા વિભાગ/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી શ્રી, બજેટ શાખા,ગૃહ વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ
- સેકશન અધિકારી શ્રી, આઈ-ટી સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

... વેબસાઈટ પર મૂકવાની વિનંતી સાથે.

**નવી સેવા**
**આયોજન**
**વર્ષ-૨૦૧૧-૧૨**

કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-II
મરીન પોલીસ સ્ટેશનો માટે સંદેશ વ્યવહારના સાધનો અને વાહનો ખરીદવાની વહીવટી મંજૂરી આપવા બાબત...

**ગુજરાત સરકાર**
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: વિ.૫ / CSS /૧૦૨૦૦૯ /૫૮૭(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮ / ૬ /૨૦૧૧

**વંચાણમાં લીધા:-**

1. ગૃહ મંત્રાલય ભારત સરકારનો પત્ર ક્ર:૫/૧૦/૨૦૦૯/કોસ્ટલ સિક્યુરિટી, તા.૧/૧૧/૨૦૧૦
2. પોલીસ મહાનિદેશકની કચેરીનો પત્ર ક્ર:૧૫૩૬/કોસ્ટલ પો.સ્ટે./૩૫/૨૦૧૧ તા.૧૧/૧/૨૦૧૧
3. વર્ષ ૨૦૧૧-૧૨ નું અંદાજપત્ર પ્રકાશન નં ૧૨, પાના નં.૧૭૫.

**આમુખ:-**

૨/-. ક્રમાંક:(૧) થી ગુજરાત રાજ્યમાં કોસ્ટલ સિક્યુરિટી સ્કીમ, ફેઝ-II ના અમલીકરણની મંજૂરી મળેલ છે. આ અંતર્ગત દરિયાઈ સરહદ ઉપરની સુરક્ષાની કામગીરી માટે રાજ્યના તટવર્તી જિલ્લાઓમાં ૧૨(બાર) નવા મરીન પોલીસ સ્ટેશન મંજુર કરવામાં આવ્યા છે. આ ૧૨(બાર) નવા મરીન પોલીસ સ્ટેશન માટે જીપ, મોટર સાયકલ અને ફર્નિચર અને સંદેશ વ્યવહારના સાધનો ખરીદ કરવાની બાબતને વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવેશ કરવા પોલીસ મહાનિદેશકની કચેરી તરફથી સંદર્ભ-(૨)આગળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જેને રાજ્ય સરકારની વિચારણામાં લેવામાં આવેલ હતી.

**ઠરાવ:-**

૩/-. ક્રમાંક:(૨) આગળની દરખાસ્ત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે આ બાબતનો વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં પ્લાન હેઠળ "નવી સેવા" તરીકે સમાવેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે રૂ.૨,૭૮,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા બે કરોડ ઈઠ્યોતેર લાખ ચાલીસ હજાર પુરા)નું ખર્ચ કરવા માટે નીચે જણાવ્યા મુજબની શરતોને આધીન આથી, મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત/નંગ | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | સાધન સામગ્રી/સંદેશ વ્યવહારના સાધનો રૂ.૧૫ લાખ/પો.સ્ટે. | - | -- | ૧,૮૦,૦૦૦/- |
| ૨. | ૧(એક) જીપ/ પો.સ્ટે. | ૧૨ | ૭,૦૦,૦૦૦/- | ૮૪,૦૦,૦૦૦/- |
| ૩. | ૨(બે)મોટર સાયકલ / પો.સ્ટે | ૨૪ | ૬૦,૦૦૦/- | ૧૪,૪૦,૦૦૦/- |
| | | | કુલ;- | ૨,૭૮,૪૦,૦૦૦/- |

..૨

૪/-. આ ખર્ચ નીચે જણાવેલ શરતોને આધીન કરવાનો રહેશે.

(i) નવા વાહનોની ખરીદી માટે સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ/જોગવાઇનુ પાલન કરવાનું રહેશે.

(ii) વાહનો જે હેતુ માટે મંજુર કરવામાં આવે છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ થાય તે જોવાનું રહેશે.

(iii)સાધન સામગ્રીની ખરીદી સરકારની પ્રવર્તમાન નીતિ અંતર્ગત માન્ય પધ્ધતિથી ફાળવાયેલ રકમની મર્યાદામાં કરવાની રહેશે.

(iv)સાધન સામગ્રીની ખરીદી માટે નાણા વિભાગના તા.૧૨.૨.૦૭ના ઠરાવની જોગવાઈ ધ્યાને લેવાની રહેશે.

(v) આ ગ્રાન્ટ નો ઉપયોગ/ખર્ચ થયા બાદ "ખર્ચ ઉપયોગિતા પ્રમાણપત્ર(Utilization Certificate)" નિયત પ્રફોર્મામાં ગૃહ વિભાગને મોકલી આપવાનું રહેશે.

(vi) આ ખર્ચ નાણાવિભાગે નિયત કરેલ પધ્ધતિ અનુસાર તેમજ જે હેતુ માટે ફાળવવામાં આવે છેતે હેતુ માટે જ કરવાનો રહેશે.

૫/-. આ અંગેનો ખર્ચ બજેટ સદર ૨૦૫૫-પોલીસ ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ પેટા સદર-(૧૦) MEP-27 દરિયાઈ સુરક્ષા (પ્લાન કોડ નં. ૧૧૪૫૨૭) આયોજન હેઠળ ચાલુ વર્ષની મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

૬/-. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગની તા.૪/૫/૨૦૧૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ. ડી. નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- માન. મુખ્યમંત્રી શ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(નાંણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષા ના મંત્રી શ્રી(ગૃહ)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહા નિર્દેશક શ્રી(ઈન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણા સલાહકાર શ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ શ્રી(ગૃહ) ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- નાણા વિભાગ/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી શ્રી, બજેટ શાખા,ગૃહ વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ
- સેકશન અધિકારી શ્રી, આઈ-ટી સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

... વેબસાઈટ પર મૂકવાની વિનંતી સાથે.